# GSSY

| કેટેગરી |
| --- |
| A |

કુલ સમય : 150 મિનિટ

કુલ ગુણ : 120

બેઠક નંબર : | | | | | |

## પરીક્ષાર્થીઓ માટે સૂચના

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઇજ આપવામાં આવેલા છે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
4. પ્રશ્નપત્રની પુસ્તિકામાં કોઈપણ પ્રશ્નના જવાબના વિકલ્પ A, B, C, D પૈકી કોઈપણ સામે જવાબની નિશાની કરવી નહી.
5. OMR અને હોલટીકીટની સૂચનાઓ પણ ધ્યાને લેવી.
6. આ પ્રશ્નપત્રની કેટેગરી (A, B, C) પૈકી જે કેટેગરી પ્રશ્નપત્રની ઉપર ખૂણામાં દર્શાવવી છે તે કેટેગરી OMR માં અચૂક દર્શાવવી.

નીચેના શબ્દો વચ્ચેનો સંબંધ ધ્યાનમાં રાખી વિકલ્પ પસંદ કરો. (પ્રશ્ન 1 થી 4)

(1) ચંદ્ર : ઉપગ્રહ :: પૃથ્વી : ...............

(A) સૂર્ય (B) ગ્રહ

(C) સૂર્યમંડળ (D) લઘુગ્રહ

(2) મીણબત્તી : મીણ :: ............... : વૃક્ષ

(A) રેશમ (B) મધ

(C) કાગળ (D) વીજળી

(3) ગાંધીનગર : ગુજરાત :: ............... : મહારાષ્ટ્ર

(A) પુના (B) નાગપુર


(C) મુંબઈ (D) અલ્હાબાદ

(4) ઈજનેર : મશીન :: ડૉક્ટર : ...............

(A) હૉસ્પિટલ (B) શરીર

(C) રોગ (D) દવા

(5) નીચેની આકૃતિમાં કેટલા લંબચોરસ જોવા મળે છે ?



(A) 8 (B) 9


(C) 10 (D) 12

(6) નીચેનામાંથી કયો વિકલ્પ અલગ પડે છે ?

(A) પાટણ : રાણકી વાવ (B) અમદાવાદ : કાંકરીયા તળાવ

(C) ગાંધીનગર : દાંડી કુટીર (D) વડનગર : કિર્તીમંદિર

(7) નીચેની આકૃતિમાં કેટલા ચોરસ જોવા મળે છે ?



(A) 2 (B) 3

(C) 4 (D) 5

(8) નીચે આપેલ સંખ્યાઓની શ્રેણી પૂર્ણ કરો.

1. 3, 7, 13, ............... , 31, 43

(A) 21 (B) 20

(C) 19 (D) 18


(9) નીચે આપેલ શ્રેણી પૂર્ણ કરો.


ZA, YB, XC, ..........................


(A) WD (B) VE


(C) EW (D) DW


(10) નીચે આપેલ આકૃતિમાં ખાલી જગ્યામાં કઈ આકૃતિ આવશે ?





(A) 

(B) 


(C) 


(D) 


(11) નીચે આપેલ આકૃતિને તેની નીચે આપેલ દર્પણમાં જોતાં કેવી આકૃતિ જોવા મળશે ?




દર્પણ

(A) 

(B) 

(C) 

(D) 

(12) શરીરને સંબંધિત અંગ હાથ છે તો પુષ્પને સંબંધિત .............. છે.

(A) પર્ણ (B) કમળ

(C) મૂળ (D) પુષ્પદલ

(13) જેમ સંધ્યાએ રાત્રીનો ભાગ છે તેમ પાનખર એ ............. નો ભાગ છે.

(A) વર્ષાઋતુ (B) વસંતઋતુ

(C) ઉનાળો (D) શિયાળો

(14) રોડ ઉપર આવેલ ચાર રસ્તા ઉપર લગાવેલ લાઈટો પૈકી લીલીલાઈટ ................ નો સંકેત દર્શાવે છે.

(A) રંગ (B) પ્રકાશ

(C) ઊભા રહો (D) આગળ વધો

(15) ઓગણીસ (19) : તેર (13) :: અઠાવીસ : ...............

(A) વીસ (20) (B) બાવીસ (22)

(C) ત્રેવીસ (23) (D) ઓગણીસ (19)

(16) સોમવાર : શનિવાર :: ગુરુવાર : ................

(A) શુક્રવાર (B) બુધવાર (C) રવિવાર (D) મંગળવાર

(17) નીચેનામાંથી કયો રંગ મેઘધનુષ્યના રંગોમાં જોવા મળતો નથી ?

(A) જાંબલી (B) પીળો (C) લાલ (D) કાળો

(18) દિવસ દરમિયાન દેખાતો તારો કયો છે ?

(A) ચંદ્ર (B) મંગળ (C) સૂર્ય (D) શુક્ર

(19) નીચેનામાંથી કયો અવયવ જુદો પડે છે ?

(A) કાન (B) કિડની (C) ફેફસાં (D) લીવર

(20) નીચેનામાંથી કયું જૂદુ પડે છે ?

(A) કાગળ (B) પેન (C) પેન્સિલ (D) શાહી

(21) નીચેનામાંથી કયું અલગ પડે છે ?

(A) ધુમ્મસ (B) ઝાકળ (C) વરસાદ (D) વાદળ

(22) આપેલ શાકભાજીના નામોમાં કયું નામ અલગ પડે છે ?

(A) ગાજર (B) આદુ (C) બટાકા (D) ટામેટું

(23) નીચે આપેલ ખેત ઉત્પાદનો પૈકી શામાંથી તેલ મેળવી શકાય ?

(A) બાજરો (B) સરસવ (C) જુવાર (D) ઘઉં

(24) નીચેના પૈકી કઈ સંખ્યા સૌથી નાની છે ?

(A) $\frac{1}{4}$ (B) $\frac{1}{3}$ (C) $\frac{1}{5}$ (D) $\frac{1}{2}$

(25) નીચેના પૈકી કઈ સંખ્યા સૌથી મોટી છે ?

(A) 0.1 (B) 0.01

(C) 0.001 (D) 0.0001

(26) ત્રણ વાગ્યાના સમયે ઘડિયાળના બે કાંટા વચ્ચેના ખૂણાનું માપ ............... હોય છે.

(A) $30^0$ (B) $90^0$

(C) $180^0$ (D) $60^0$

(27) એક લિટર બરાબર ............. મિલિલિટર ?

(A) 10 (B) 100

(C) 1000 (D) 10,000

(28) ઉત્તર અને પૂર્વદિશાની વચ્ચે કયો ખૂણો આવેલ છે ?

(A) અગ્નિ (B) ઈશાન

(C) નૈઋત્ય (D) વાયવ્ય

(29) નીચે દર્શાવેલ નામોની આકૃતિઓ પૈકી કઈ આકૃતિમાં રેખાખંડનો સમાવેશ જોવા મળતો નથી ?

(A) રેખા (B) ત્રિકોણ

(C) ચોરસ (D) વર્તુળ

(30) ખાલી જગ્યા પૂરો. 8, 27, 64, 125, ...............

(A) 216 (B) 225

(C) 343 (D) 294

(31) જેમ વર્તુળને પરિઘ હોય છે તેમ ચોરસને .............. હોય છે.

(A) ક્ષેત્રફળ (B) ઘનફળ

(C) પરિમિતિ (D) વિકર્ણ

(32) CAMLE મૂળાક્ષરોને ક્રમમાં ગોઠવતાં કયો વિકલ્પ મળે ?

(A) ACEML (B) ACELM

(C) ACLEM (D) ACLME

(33) એક લાઈનમાં પ્રેરણાનો ક્રમ જમણેથી 17 મો અને ડાબેથી 25 મો છે. તો લાઈનમાં કુલ વિદ્યાર્થીઓ કેટલા હશે ?

(A) 42 (B) 41 (C) 40 (D) 43

(34) 1 કિગ્રા લોખંડ અને 1 કિ.ગ્રા. રૂ બંને પૈકી કોનું વજન વધુ ?

(A) લોખંડ (B) રૂ

(C) રૂ લોખંડ કરતાં અડધા વજનનું (D) બંને સમાન

(35) ઝરણા કાવ્યા કરતાં નીચી છે. પ્રેરણા કાવ્યા કરતાં નીચી છે તો સૌથી ઊંચું કોણ ?

(A) કાવ્યા (B) પ્રેરણા (C) ઝરણા (D) એક પણ નહીં

(36) નીચેનામાંથી શું જૂદું પડે છે ?

(A) જાન્યુઆરી (B) માર્ચ (C) ઓગસ્ટ (D) એપ્રિલ

(37) એક કરોડમાં કેટલા હજાર હોય છે ?

(A) 1000 (B) 100 (C) 10000 (D) 100000

(38) 20 મીટર લાંબા વાંસના ચાર-ચાર મીટરના 5 સરખા ટુકડા કરવા કેટલી વખત વહેરવા પડશે ?

(A) 5 (B) 4 (C) 3 (D) 6

(39) જેમ રોગીને દવાઓ જોઈએ તેમ દુષ્કાળની પરિસ્થિતિમાં ................ જોઈએ.

(A) હવા (B) પ્રકાશ (C) વરસાદ (D) જમીન

(40) અક્ષરો મળીને શબ્દ બને તો શબ્દો મળીને ............... બને.

(A) ફકરો (B) વાક્ય (C) અભ્યાસક્રમ (D) નિબંધ

(41) 10.24 નું વર્ગમૂળ શોધો.

(A) 10 (B) 24 (C) 32 (D) 3.2


(42) 48 વિદ્યાર્થીઓના ધોરણ 8 ના એક વર્ગમાં 25% છોકરીઓ છે, તો છોકરાઓની સંખ્યા કેટલી હોય ?

(A) 36 (B) 25 (C) 23 (D) 12

(43) a, –3b, 5c, ab નો ગુણાકાર કેટલો થાય ?

(A) 15 $a^2b^2c$ (B) 15 abc

(C) – 15 $a^2b^2c$ (D) – 15 $ab^2c$

(44) 

આપેલ સંખ્યારેખા પરનું બિંદુ A કઈ સંમેય સંખ્યાનું નિરૂપણ દર્શાવે છે ?

(A) $\frac{-3}{2}$ (B) $\frac{3}{2}$ (C) $\frac{-1}{2}$ (D) $\frac{1}{2}$

(45) 0.000000621 ને પ્રમાણિત સ્વરૂપમાં દર્શાવો.

(A) $6.21 \times 10^{-7}$ (B) $6.21 \times 10^{7}$

(C) $6.21 \times 10^{-6}$ (D) $6.21 \times 10^{6}$

(46) જો 12 કારીગર એક કામ 15 દિવસમાં પૂરું કરી શકે છે, તો આજ કામ 18 કારીગર કેટલા દિવસમાં પૂરું કરી શકે ?

(A) 18 (B) 15 (C) 12 (D) 10

(47) સંમેય સંખ્યાનું સ્વરૂપ $\frac{p}{q}$ છે, જ્યાં $q \neq 0$ તો $p$ અને $q$ કેવા પ્રકારની સંખ્યાઓ છે ?

(A) $p$ અને $q$ પ્રાકૃતિક સંખ્યાઓ છે. (B) $p$ અને $q$ પૂર્ણ સંખ્યાઓ છે.

(C) $p$ અને $q$ પૂર્ણાંક સંખ્યાઓ છે. (D) $p$ અને $q$ અસંમેય સંખ્યાઓ છે.

(48) એકચલ સુરેખ સમીકરણની પદાવલીમાં ચલની મોટામાં મોટી ઘાત કેટલી હોય છે ?

(A) 0 (B) 1 (C) 2 (D) –1

(49) $5x + 9 = 5 + 3x$ સમીકરણનો ઉકેલ $x = ?$

(A) – 7 (B) 7 (C) 2 (D) –2

(50) હું એવો ચતુષ્કોણ છું, જેમાં સામસામેની બાજુની ફક્ત એક જ જોડની બાજુઓ પરસ્પર સમાંતર છે. તો બોલો હું કોણ ?

(A) સમબાજુ ચતુષ્કોણ (B) સમલંબ ચતુષ્કોણ

(C) સમાંતરબાજુ ચતુષ્કોણ (D) લંબચોરસ

(51) એક શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં વર્ષ 2020-21 તથા વર્ષ 2021-22 દરમિયાન મેળવેલ ગુણની સરાસરી દર્શાવતી માહિતી આપેલ હોય તો કયા પ્રકારનો આલેખ બનાવશો ?

(A) લંબ આલેખ (B) ચિત્ર આલેખ

(C) દ્વિ-લંબાલેખ (D) વર્તુળ આલેખ

(52) જો એક ચોરસનું ક્ષેત્રફળ 144 $cm^2$ હોય તો ચોરસની બાજુનું માપ કેટલું હોય ?

(A) 12 cm (B) 16 cm (C) 14 cm (D) 18 cm

(53) 17 નો ઘન કરતાં કઈ સંખ્યા મળે ?

(A) 4096 (B) 5832 (C) 4913 (D) 3375

(54) $(x + 7y)$ અને $(7x – y)$ નો ગુણાકાર શોધો.

(A) $7x^2 + 48\,xy – 7y^2$ (B) $7x^2 – 48\,xy – 7y^2$

(C) $7x^2 – 48\,xy + 7y^2$ (D) $7x^2 + 48\,xy + 7y^2$

(55) લંબઘનની કુલ સપાટીનું ક્ષેત્રફળ શોધવા કયું સૂત્ર ઉપયોગમાં લેશો ?

(A) $2\,(lb + b\,1 + h\,1)$ (B) $2\,(l\,bh)$

(C) $2\,(l + b + h)$ (D) $2\,(lb + bh + hl)$

(56) $49x^2 – 36$ ના અવયવ મેળવો.

(A) $(7x – 6)\,(7x + 6)$ (B) $(7x^2 – 6)\,(7x – 6)$

(C) $(7x + 6)\,(7x + 6)$ (D) $(7x^2 – 6)\,(7x^2 + 6)$

(57) $-2\frac{1}{7}$ ની વ્યસ્ત સંખ્યા કઈ છે ?

(A) $\frac{1}{15}$ (B) $\frac{15}{7}$ (C) $\frac{-7}{15}$ (D) $\frac{-15}{7}$

(58) $7x + \frac{5}{2} = \frac{3x}{2} - 14$ હોય તો $x =$ .............

(A) –3 (B) 3 (C) $\frac{23}{11}$ (D) $\frac{-23}{11}$

(59) એક વસ્તુની છાપેલી કિંમત રૂા. 900 છે. તેની વેચાણ કિંમત રૂા. 738 છે. તો વળતરની ટકાવારી શું થાય ?

(A) 9 % (B) 12 % (C) 16 % (D) 18 %

(60) $\left(\frac{3}{5}\right)^{-2}$ ની કિંમત કેટલી થાય ?

(A) $\frac{9}{5}$ (B) $\frac{25}{3}$ (C) $\frac{25}{9}$ (D) $\frac{9}{25}$

(61) કૃત્રિમ ખાતર માટે શું સાચું છે ?

(A) કાર્બનિક ક્ષાર છે તેનાથી જમીનને સેન્દ્રિય પદાર્થો પ્રાપ્ત થાય છે.

(B) અકાર્બનિક ક્ષાર છે તેનાથી જમીનને સેન્દ્રિય પદાર્થો પ્રાપ્ત થતા નથી.

(C) કાર્બનિક ક્ષાર છે તેનાથી જમીનને સેન્દ્રિય પદાર્થો પ્રાપ્ત થતા નથી.

(D) અકાર્બનિક ક્ષાર છે તેનાથી જમીનને સેન્દ્રિય પદાર્થો પ્રાપ્ત થાય છે.

(62) કઈ સક્રિય અધાતુનો પાણીમાં સંગ્રહ કરવામાં આવે છે ?

(A) સોડિયમ (B) તાંબુ (C) સલ્ફર (D) ફોસ્ફરસ

(63) ગ્લોબલ વૉર્મિંગ માટે સૌથી વધુ જવાબદાર વાયુ કયો છે ?

(A) આર્ગોન (B) ક્રિપ્ટોન (C) ઓક્સિજન (D) કાર્બન ડાયોક્સાઈડ

(64) મધુપ્રમેહ (ડાયાબિટીસ) માટે જવાબદાર ગ્રંથિ કઈ છે ?

(A) પિચ્યૂટરી (B) સ્વાદુપિંડ (C) થાઈરોઈડ (D) એડ્રિનલ

(65) બાથરૂમના નળ અને સાયકલનાં હેન્ડલ પર કઈ ધાતુનું પ્લેટિંગ (ઢોળ - આવરણ) કરવામાં આવે છે ?

(A) ક્રોમિયમ (B) ટિન (C) તાંબુ (D) લોખંડ

(66) આંખની રચનામાં આંખનો કયોભાગ આંખમાં પ્રવેશતા પ્રકાશના પ્રમાણનું નિયંત્રણ કરે છે ?

(A) કીકી (Pupil) (B) કનીનિકા (આઈરિસ iris)

(C) કોર્નિયા (cornea) (D) નેત્ર પટલ (Retina)

(67) 'ધ ક્યોટો પ્રોટોકોલ' શું છે ?

(A) પાણીના શુદ્ધિકરણ માટેનો કરાર

(B) ગ્રીન હાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટાડવાનો કરાર

(C) જાહેરમાં ફટાકડા ફોડવા પર નિયંત્રણ માટેનો કરાર

(D) પ્લાસ્ટિક બેગ વપરાશ નિયંત્રણ માટેનો કરાર

(68) કયું ઉદાહરણ રવીપાકનું નથી ?

(A) ચણા (B) વટાણા (C) સોયાબીન (D) અળસી

(69) ડામરની ગોળી શેમાંથી બને છે ?

(A) કોલસો (B) કોક (C) કોલગેસ (D) કોલટાર

(70) કયા પુસ્તકમાં બધાં નાશઃપ્રાય પ્રાણીઓ અને વનસ્પતિઓનો રેકોર્ડ રાખવામાં આવે છે ?

(A) રેડ બુક (B) રેડ વૉર્નિંગ બુક

(C) રેડ એનિમલ બુક (D) રેડ ડેટા બુક

(71) 'કલિકાસર્જન દ્વારા નવો સજીવ ઉત્પન્ન થાય છે' - આ વિધાન માટે બંધબેસતો વિકલ્પ કયો ?

(A) હાઈડ્રા (B) અમીબા

(C) પેરામિશયમ (D) સ્પાયરોગાયરા

(72) વિવિધ અંતઃસ્ત્રાવોના ઉત્પાદનનું નિયંત્રણ કઈ ગ્રંથિ દ્વારા થાય છે ?

(A) થાઈરોઈડ ગ્રંથિ (B) એડ્રિનલ ગ્રંથિ

(C) સ્વાદુપિંડ (D) પિટ્યુટરી ગ્રંથિ

(73) મનુષ્યના કાન માટે શ્રાવ્ય આવૃત્તિની પહોંચ મર્યાદા કઈ ?

(A) 20 $H_z$ થી 15000 $H_z$ (B) 20 $H_z$ થી 2000 $H_z$

(C) 20 $H_z$ થી 20,000 $H_z$ (D) 20 $H_z$ થી 10000 $H_z$

(74) ગુણક પ્રતિબિંબો રચવાના સિદ્ધાંતનો ઉપયોગ કરી કયું સાધન બનાવવામાં આવે છે ?

(A) ટેલિસ્કોપ (B) કેલિડોસ્કોપ

(C) માઈક્રોસ્કોપ (D) બાયનોક્યુલર

(75) શિમ્બી કુળની વનસ્પતિમાં નાઈટ્રોજન સ્થાપનમાં કોણ મદદ કરે છે ?

(A) રાઈઝોબિયમ (B) અમીબા (C) યીસ્ટ (D) પ્લાઝમોડિયમ

(76) નીચેના પૈકી કયો ધાતુનો ગુણધર્મ નથી ?

(A) તે ચમકદાર હોય છે. (B) તેને ટીપી શકાય છે.

(C) તે રણકાર ઉત્પન્ન કરે છે. (D) ઉષ્મા તથા વિદ્યુતના અવાહક છે.

(77) કોષકેન્દ્રમાં દોરી જેવી સમાન સંરચનાઓ કયા નામથી ઓળખાય છે ?

(A) કોષરસ (B) રંગસૂત્ર (C) રસપટલ (D) હરિતકણ

(78) કોઈ સપાટીને ................ બનાવીને ઘર્ષણ વધારી શકાય છે.

(A) લીસી (B) ખરબચડી (C) તેલવાળી (D) ભીની

(79) પૂલ તથા વાહનોમાં વપરાતા લોખંડ પર શેનું આવરણ ચડાવવામાં આવે છે ?

(A) ઝિંક (B) ક્રોમિયમ (C) ટિન (D) ચાંદી

(80) મેઘધનુષ્ય ................ દર્શાવતી એક કુદરતી ઘટના છે.

(A) પ્રકાશનું પરાવર્તન (B) પ્રકાશનું વક્રિભવન

(C) પ્રકાશનું વિવર્તન (D) પ્રકાશનું વિભાજન

(81) કુદરતી સંપત્તિ રાષ્ટ્રની ધરોહર ગણાય છ. નીચેના પૈકી કોને રાષ્ટ્રની ધોરીનસ ગણવામાં આવે છે ?

(A) જંગલો (B) નદીઓ (C) ખનીજો (D) વન્યજીવો

(82) લોકસભા કયા વિષયો ઉપર કાયદા ઘડવાનું કાર્ય કરે છે ?

(A) રાજ્યયાદી (B) સંઘયાદી (C) લોકસભા યાદી (D) રાજ્યસભા યાદી

(83) તમે ભારતના પ્રથમ ભાષાના આધારે અલગ થયેલ રાજ્યમાં રહો છો, તો તમે કયા રાજ્યમાં રહેતા હશો ?

(A) કેરલ (B) આંધ્રપ્રદેશ (C) ગુજરાત (D) અસમ

(84) દાંડીકૂચ અંગે કયું વિધાન યોગ્ય છે ?

(A) દાંડીયાત્રા ગાંધીજીએ મીઠાના કરના વિરોધમાં યોજી હતી.

(B) દાંડીયાત્રા અમદાવાદથી દાંડી સુધીની 370 કી.મી. ની યાત્રા હતી.

(C) ગાંધીજીની ધરપકડ થતાં દાંડીયાત્રાનું નેતૃત્વ અબ્બાસ સાહેબ તૈયબજીએ સંભાળ્યું હતું.

(D) ઉપરોક્ત તમામ

(85) તમે વડોદરા - ભરૂચ જિલ્લામાંથી પસાર થાઓ છો. તમને કપાસનો પાક જોવા મળે છે તો ત્યાં નીચેના પૈકી કયા પ્રકારની જમીન હશે ?

(A) કાળી (B) રાતી (C) રેતાળ (D) ગોરાડું

(86) અમેરિકામાં રાજદૂતની નિમણૂંક કોણ કરે છે ?

(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન (C) રાજ્યપાલ (D) ઉપરાષ્ટ્રપતિ

(87) ભારતમાં પોર્ટુગીઝોની રાજધાની કઈ હતી ?

(A) દમણ (B) દીવ (C) ગોવા (D) દાદરા અને નગર હવેલી

(88) ભારતમાં પાશ્ચાત્ય શિક્ષણ આપતી શાળાઓ કોણે સ્થાપી હતી ?

(A) લોર્ડ કર્ઝને (B) એલેક્ઝાંડર ડફને (C) મુઘલોએ (D) વિલિયમ કરે

(89) જીવાવરણમાં એક સજીવ બીજા સજીવ સાથે પરસ્પર જોડાઈને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે તેને શું કહેવાય છે ?

(A) જીવતંત્ર (B) વિસ્તરણતંત્ર (C) અવતરણતંત્ર (D) પરિસરતંત્ર

(90) લિગ્નાઈટ કોલસો ક્યાંથી મળે છે ?

(A) ગુજરાત (B) મિઝોરમ (C) ગોવા (D) તામિલનાડુ

(91) રાજ્યસભામાં ગુજરાતને કેટલી બેઠકો ફાળવવામાં આવી છે ?

(A) 10 (B) 11 (C) 12 (D) 15

(92) ઉલગુલાન ચળવળનું નેતૃત્વ કોણે કર્યું હતું ?

(A) બિરસા મુંડા (B) ગાંધીજી (C) જવાહરલાલ નહેરુ (D) દયાનંદ સરસ્વતી

(93) ખોટી જોડ કઈ છે ?

1. સાવરકર – મિત્રમેલા

2. શ્યામજી કૃષ્ણ વર્મા – ઈન્ડિયા હાઉસ

3. લોકમાન્ય ટિળક – કેસરી

4. લાલા લજપતરાય – ન્યૂ ઈન્ડિયા

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(94) સૌ પ્રથમ બનેલી ઘટનાથી શરૂ કરીને ક્રમમાં ગોઠવો.

1. દાંડીકૂચ

2. ચંપારણ સત્યાગ્રહ

3. 'હિંદ છોડો' આંદોલન

4. અસહકાર આંદોલન

(A) 2 – 4 – 1 – 3 (B) 4 – 2 – 1 – 3

(C) 1 – 3 – 2 – 4 (D) 1 – 2 – 3 – 4

(95) ભારતીય બંધારણ માટે કઈ બાબત સાચી નથી ?

1. બંધારણની શરૂઆત આમુખથી થાય છે.

2. વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ છે.

3. 26 જાન્યુઆરી, 1947 ના રોજ અમલમાં આવ્યું.

4. મૂળભૂત હકોની સંખ્યા 8 છે.

(A) માત્ર - 3 (B) માત્ર - 4

(C) 3 અને 4 (D) 1, 3 અને 4

(96) સંસ્થા તરફથી દાતાઓનું સમ્માન કરાયું. - આ વાક્ય નીચે પૈકી કયા પ્રયોગનું છે ?

(A) ભાવે (B) કર્તરિ (C) કર્મણિ (D) પ્રેરક

(97) 'પુત્રૈષણા'ની સંધિ છૂટી પાડો.

(A) પુત્ર + એષણા (B) પુત્રૈ + ષણા

(C) પુત્ર + ઐષણા (D) પુત્રૈ + ષણા

(98) પડદો ખૂલ્યો પણ નાટક ભજવાયું નહીં - કયા પ્રકારનું વિધાન છે ?

(A) સાદું વિધાન (B) સંયુક્ત વિધાન

(C) સંકુલ વિધાન (D) સાદું અને સંકુલ

(99) નીચે આપેલા મૂળાક્ષર પૈકી કયો મૂળાક્ષર સ્વર છે ?

(A) દ (B) ઈ (C) મ (D) ધ

(100) વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ કોણે આપ્યું ?

(A) રવિશંકર મહારાજે (B) રતિલાલ નહેરુએ

(C) દાદાભાઈ નવરોજીએ (D) મહાત્મા ગાંધીજીએ

(101) સાચી જોડણી ધરાવતો શબ્દ શોધો.

(A) આગંતુક (B) પ્રતિતિ (C) વ્યક્તી (D) ભીક્ષુક

(102) 'કોણે કીધું ગરીબ છીએ કોણે કીધું રાંક…' પંક્તિ કયા કાવ્યની છે ?

(A) એક જ દે ચિનગારી (B) તને ઓળખું છું મા

(C) આજ આનંદ (D) ધૂળિયે મારગ

(103) 'મૃદંગ' શબ્દનો અર્થ જણાવો.

(A) બંને બાજુ વગાડી શકાય તેવું ઢોલક જેવું વાદ્ય
(B) તંતુ વાદ્ય - વીણા
(C) મુખેથી વગાડવાનું વાજું
(D) હાથથી વગાડવાનું વાજું

(104) બહેનનો પત્ર કાવ્યમાં કવિ કોને વૃક્ષોની કવિતા કહે છે ?

(A) ડાળીઓને (B) બાગને (C) ફૂલોને (D) સૂર્યને

(105) 'રાધાકૃષ્ણ' - એ કયો સમાસ છે ?

(A) મધ્યમપદ લોપી સમાસ
(B) બહુવ્રીહી સમાસ
(C) દ્વંદ્વ સમાસ
(D) અવ્યયી સમાસ

(106) Choose the word nearest in meaning to the underlined words.
We should not throw away plastic bags. We should find out ways to **use them in different forms** to make different things from them

(A) recycle (B) return (C) refine (D) reform

(107) નીચે આપેલ વાક્યોને વાર્તાના ઘટનાક્રમ મુજબ જણાવો.

1. We have a tall tree in Dang too.
2. Amit was in Assam.
3. We will enjoy the trekking.
4. Oh yes, our Kaziranga is famous for one-horned rhino.
5. Yes we have a lion sanctuary.

(A) 1, 2, 3, 4, 5
(B) 4, 5, 3, 1, 2
(C) 3, 1, 5, 4, 2
(D) 2, 1, 5, 4, 3

(108) I hope you are coming for picnic, ......................

(A) are you ? (B) aren't you ? (C) will you ? (D) you are.

(109) ..................... are you going to the zoo ?

(A) Where (B) When (C) What (D) Whose

(110) Kanhaiyalal Munshi wrote .......................... .

(A) Lopamudra
(B) Patan ni Prabhuta
(C) Prithvi Vallabh
(D) All of the above

(111) Select the correct spelling.

(A) science (B) since (C) saince (D) since

(112) The sky is very cloudy. It ..................... today.

(A) should not rain (B) may rain (C) may not rain (D) rains

(113) How many weeks .................... there in a year ?

(A) am (B) is (C) do (D) are

(114) Vivek goes to Ahmedabad ..................... he wants to visit the Science city.

(A) but (B) therefore (C) because (D) for

(115) You should not ..................... garbage on the road.

(A) throws (B) throw (C) threw (D) thrown

(116) 'सम्राट' शब्द का स्त्रीलिंग पहचानिए।

(A) संन्यासी (B) साम्राज्ञी (C) विदुषी (D) कुमारी

(117) कर्मयोगी लाल बहादुर शास्त्री इकाई के लेखक कौन है ?

(A) डॉ. हरेश धोलकिया (B) शंकरदयाल शर्मा

(C) विनय महाजन (D) शिवमंगल सिंह

(118) निम्नलिखित शब्दों में से सर्वनाम पहचानिए।

(A) वे (B) सुंदर (C) उदार (D) बैर

(119) 'बख्शीश' शब्द का समानार्थी शब्द कौन सा नहीं है ?

(A) भेंट (B) मदद (C) ईनाम (D) उपहार

(120) 'शान' शब्द का समानार्थी शब्द क्या है ?

(A) भान (B) बुद्धिशाली (C) शानदार (D) गौरव

◆◆◆